NAVSARI AGRICULTURAL UNIVERSITY

# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીનીકચેરી
# નવસારીકૃષિ યુનિવર્સિટી
એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦

**સંદર્ભ : અત્રેની કચેરીના પરિપત્ર જા.નં. નકૃયુ/વિ.શિ.નિ./ટી–૧/વેબ–૩૯/૨૦૨૪ નવસારી તા. ૦૯/૦૭/૨૦૨૪**

## પરિપત્ર

**દૈનિક સમાચારપત્રની અઠવાડિક પૂર્તિમાં કૃષિ સબંધિત લેખ પ્રસિધ્ધ કરવા બાબત...**

જય ભારત સહ જણાવવાનું કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી દ્વારા બહાર પાડવામાં આવતી ટેકનોલોજી, સંશોધન ભલામણો, સફળવાર્તા, વિશિષ્ટિ ઉપલબ્ધીઓ વિ.નો ખેડૂત સમૂદાયમાં સમાચારપત્રો દ્વારા બહોળી પ્રસિધ્ધિ, પ્રચાર અને પ્રસાર થાય તે માટે દૈનિક સમાચારપત્રની અઠવાડિક પૂર્તિમાં કૃષિ સંબંધિત લેખ પ્રસિધ્ધ કરવા માટે નીચે મુજબની માર્ગદર્શક કમિટીની રચના કરવામાં આવેલ છે.

| અ.નં. | કમિટીના સભ્યોની વિગત | હોદ્દો |
|---|---|---|
| ૧ | ડૉ.હેમંત શર્મા, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નકૃયુ, નવસારી | અધ્યક્ષ |
| ૨ | પ્રાધ્યાપક અને વડાશ્રી, કિટકશાસ્ત્ર વિભાગ, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી<br>entonmca@nau.in (Mob.No.-9879038539) | સભ્ય |
| ૩ | પ્રાધ્યાપક અને વડાશ્રી, રોગશાસ્ત્ર વિભાગ, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી<br>pathonmca@nau.in (Mob.No.-9426213756) | સભ્ય |
| ૪ | પ્રાધ્યાપક અને વડાશ્રી,સસ્ય વિજ્ઞાન વિભાગ, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી<br>professoragronomynmca@nau.in (Mob.No.-8128681274) | સભ્ય |
| ૫ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, આર.એચ.આર.એસ., અસ્પી બાગાયત મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી<br>deanachf@nau.in (Mob.No.-9427125979/8128990453) | સભ્ય |
| ૬ | ડૉ.સુમિત આર.સાળુંખે, વૈજ્ઞાનિકશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ,નવસારી | સભ્ય સચિવ |

ઉપરોકત કમિટીની મિટીંગ તા. ૧૧/૦૭/૨૦૨૪ ના રોજ માન.વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીના અધ્યક્ષપણા હેઠળ મળેલ હતી. જેમાં ચર્ચાના અંતેનીચે મુજબના માર્ગદર્શક સૂચનો કરવામાં આવેલ છે. જનો લેખ મોકલનાર દરેક લેખક/વૈજ્ઞાનિકોએ અમલ કરવાનો રહેશે.

**કૃષિ લેખો પ્રકાશિત કરવા અંગે મહત્વની બાબતો :–**

૧. કૃષિ લેખો લખવામાં જેનું મહત્તમ પ્રદાન/યોગદાન હોય તેવા વધુમાં વધુ ત્રણ લેખકોના નામ રાખી શકાશે. લેખમાં આપેલ તાંત્રિક માહિતીની પૂરતી ચકાસણી કરી, ભાષા શુધ્ધિ સાથે તૈયાર કરવાના રહેશે.
૨. લેખનું મેટર ૪ થી ૫ પાનાંની મર્યાદામાં તૈયાર કરવાનું રહેશે.
૩. કૃષિ લેખની સાથે પ્રથમ લેખકે પોતાનું નામ, સરનામું, મોબાઈલ નંબર, ઈ–મેઈલ અવશ્ય દર્શાવવા.
૪. કૃષિ લેખો Shurti ફોન્ટમાં તેમજ ફોન્ટ સાઈઝ–૧૨ માં તૈયાર કરવાના રહેશે.
૫. લેખક વૈજ્ઞાનિકોએ તૈયાર કરેલ કૃષિ લેખ યુનિવર્સિટીએ નકકી કરેલ માર્ગદર્શક કમીટીના જે તે વિષયના સભ્ય પાસે એપ્રુવ કરાવી ફોટા સાથે MS-office word ફોર્મેટમાં અત્રેની કચેરી ખાતે email: newsarticle@nau.in પર મોકલવાના રહેશે.
૬. કૃષિ લેખો પાકની અગત્યતા, સિઝન અને સમાચાર પત્રોની પ્રાથમિકતાના ધોરણે દર સપ્તાહે પ્રકાશિત કરવામાં આવશે.
૭. કૃષિ લેખમાં પ્રસિધ્ધ થયેલ ટેકનીકલ માહિતી અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે લેખકની રહેશે.

**આ અંગે વધારે માહિતી માટે ડૉ.સુમિત આર.સાળુંખે, વૈજ્ઞાનિકશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ,નવસારી નો સંપર્ક કરવો. (સંપર્ક નં. ૯૯૨૧૩૯૮૨૩૭)**

જા.નં.નકૃયુ/વિ.શિ.નિ./ટી–૧/વેબ–૪૨/૨૦૨૪
નવસારી. તા.૧૨/૦૭/૨૦૨૪

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

**<u>નકલ જયભારત સહ રવાના પ્રતિ :</u>**

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ સારું.
૨. નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારું.
૩. નવસારી કૃષિ યુનિવર્સિટી હેઠળની તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાશ્રીઓ તરફ જાણ થવા સારું.